


## ૮. છાપકામ કરો.








સામેના પાન પર આપેલ છાપ મુજબ છાપકામ કરો.

૯. માટીકામ કરો.








## ૧૦. અભિનય કરો.





## ૧૧. કરી જુઓ.


(૧) શીશી વડે ગ્લાસમાં પાણી ભરો.




(૨) ગ્લાસ વડે ડોલમાં રેતી ભરો.



(૩) ડોલમાં લખોટી નાખો.



(૪) સોયમાં દોરો પરોવો.



## ૧૨. રમત :

ટમેટું રે ટમેટું
નદીએ ના’વા જાતું’તું.



૧૩. ગીત ગાઓ.

## મેં તો ફુગ્ગો પાળેલ છે...

કોઈ પાળે કુરકુરિયું ને કોઈ પાળે ગાય,
એ ભાઈ... એ ભાઈ... એ ભાઈ ભાઈ ભાઈ
મેં તો ફુગ્ગો પાળેલ છે.

ફુગ્ગામાંથી બને કબૂતર, ફુગ્ગામાંથી ચક્કો,
ફુગ્ગામાંથી બનતો જોકર એની માથે ટક્કો.
દોરી સાથે બાંધું તો અધ્ધર અધ્ધર જાય.
એ ભાઈ... એ ભાઈ... એ ભાઈ ભાઈ ભાઈ
મેં તો ફુગ્ગો પાળેલ છે.

લાકડી ઉપર બાંધું તો મારી સાઈકલ સ્કૂટર થાય.
ખિસ્સામાં મૂકું તો છાનોમાનો સૂઈ જાય.
એ ભાઈ... એ ભાઈ... એ ભાઈ ભાઈ ભાઈ
મેં તો ફુગ્ગો પાળેલ છે.

– રમેશ પારેખ



# શિક્ષકો માટે

(૧) ઘરનું ચિત્ર બતાવીને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરવી.
(૨) ઘરના રેખાચિત્રમાં વિદ્યાર્થીને મનગમતા રંગ પૂરાવો.
(૩) આપેલ ઉદાહરણ મુજબ કરાવો. વિદ્યાર્થી જાતે દોરે તે પણ ચકાસો.
(૪) ચોક્કસ તરાહમાં આપેલ વળાંકો દોરાવવા.
(૫) ચિત્ર જોઈ વિદ્યાર્થીઓને વાર્તા કહેવા પ્રોત્સાહિત કરવા.
(૬) આપેલ બંને ચિત્રોમાં રહેલ તફાવતની ચર્ચા કરો અને જ્યાં તફાવત દેખાય છે ત્યાં ◯ કરાવો.
(૭) આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થી સ્વપ્રયત્ને રમકડું, બોટલ અને ભમરડા સુધી પહોંચશે. છાપેલી લીટીને અડક્યા વગર પેન્સિલ વડે રસ્તો દોરે તેવી સૂચના આપવી.
(૮) આ પ્રવૃત્તિમાં (૧) કાગળના ડૂચાથી છાપકામ (૨) પાંદડાંથી છાપકામ (૩) આંગળીઓથી છાપકામ (૪) ભીંડા-બટાકાથી છાપકામ (૫) સિક્કાથી છાપ કામ (૬) દોરાથી છાપકામ (૭) હાથ-પગથી છાપકામ કરાવો.
(૯) આ પ્રવૃત્તિમાં (૧) મણકા (૨) ગોળો (૩) સીતાફળ જેવાં વિવિધ આકારોનું માટીકામ કરાવો.
(૧૦) આ પ્રવૃત્તિમાં પરિચિત પાત્રોનો અભિનય કરાવવો. દાદા-દાદી, માતા-પિતા, દૂધવાળો, ડૉક્ટર, શાકભાજી વેચનાર, હાથી, કૂતરો, વગેરે.
(૧૨) ટમેટું રે ટમેટું... રમત રમાડો.

**રમત :** વિદ્યાર્થીઓ એક મોટા વર્તુળમાં ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ઊભાં રહે છે. તેઓ રમાડનારની સૂચના મળતાં દોડે છે. વર્તુળ ઉપર એક જગ્યાએ બે બાળકો તેમના બંને હાથના સામસામે આંગળા ભીડી દરવાજો બનાવી ઊભાં રહે છે. વર્તુળમાં દોડતાં બાળકો આ દરવાજામાંથી પસાર થાય છે. દોડવાની આ ક્રિયા ચાલતી હોય ત્યારે રમાડનાર નીચેનું જોડકણું બોલે છે અને બાળકો દોડતાં દોડતાં ઝીલે છે :

ટમેટું રે ટમેટું
નદીએ ના'વા જાતું'તું.
ઘી-ગોળ ખાતું'તું.

જોડકણું એક-બે વખત ગાયા પછી રમાડનાર એક, બે અને ત્રણ એમ બોલે છે. ત્રણ બોલવાની સાથે વિદ્યાર્થીઓ હાથનો દરવાજો નીચે કરી દે છે. દોડતા વિદ્યાર્થીઓમાંથી એક-બે વિદ્યાર્થીઓ એ દરવાજામાં આવી જાય છે. દરવાજામાં આવેલા વિદ્યાર્થીઓ રમતમાંથી બાદ થાય છે. ફરી પાછી રમત શરૂ થાય છે. દરેક વખતે કોઈ ને કોઈ વિદ્યાર્થી દરવાજામાં પકડાઈ આઉટ થાય છે. દરેક વિદ્યાર્થી પકડાઈ જાય ત્યાં સુધી આ રમત ચાલે છે. બીજીવાર રમત શરૂ કરે ત્યારે દરવાજા માટે બીજાં બે વિદ્યાર્થીઓ પસંદ થાય છે ને દરવાજાવાળા વિદ્યાર્થીઓ રમતમાં જોડાય છે.

(૧૩) આ અને આવાં બીજાં પૂરક ગીતોનું ગાન કરાવો.

◆


# શાળા તત્પરતા : ૨


## ચકીબેન... ચકીબેન...

ચકીબેન ચકીબેન મારી સાથે રમવા
આવશો કે નહિ આવશો કે નહિ



બેસવાને પાટલો સૂવાને ખાટલો
ઓઢવાને પીંછાં આપીશ તને આપીશ તને





પહેરવાને સાડી મોરપીંછાંવાળી
ઘમ્મરિયો ઘાઘરો આપીશ તને આપીશ તને.


ચક ચક કરજો, ચીં...ચીં... કરજો
ચણવાને દાણા આપીશ તને આપીશ તને.



બા નહિ વઢશે બાપુ નહિ વઢશે,
નાનો બાબો તને ઝાલશે નહિ ઝાલશે નહિ.
ચકીબેન ચકીબેન....



## ૧. ચિત્ર જુઓ અને જવાબ આપો.



**પ્રશ્નો :**

(૧) આ ચિત્રમાં શું દેખાય છે ?

(૨) આ ચિત્રમાં બાળકો શું કરે છે ?

(૩) તમને કઈ રમત રમવી ગમે છે ?

(૪) ઘરમાં તમારી સાથે કોણ રમે છે ?

(૫) તમારા ઘરે રમવા કોણ-કોણ આવે છે ?

(૬) તમે રમવા ક્યાં જાઓ છો ?